| |
|---|
| દ.પ્રકાર :- વેચાણ |
| ગામ :- જોળવા |
| બ્લોક નં :- ૧૧૧/બ |
| પ્લોટ નં :- ૦૦ |
| ક્ષેત્રફળ :- ૦૦ ચો.મીટર |

# -: વેચાણ દસ્તાવેજ :-

(અવેજ રૂા.૦,૦૦,૦૦૦)

સંવત ૨૦૭૩ ના આસો સુદ એકમને વારઃ ગુરૂવાર, તારીખઃ ૨૧, માહેઃ સપ્ટેમ્બર, સને ૨૦૧૭ નાં અંગ્રેજી દિને..

**આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને ખરીદનાર તે તમો પ્રથમ પક્ષના:-**

(૧) શ્રી ................................,

ઉ.આ.વ:- ૦૦, ધંધો:- ૦૦,

રહે:- ......................................,સુરતના..

(૨) શ્રી ................................,

ઉ.આ.વ:- ૦૦, ધંધો:- ૦૦,

રહે:- એજનના..

**જોગ લી...**

**આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર યાને વેચનાર તે હમો બીજા પક્ષના:-**

**સિલિકોન એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢી,**

ઠેકાણું: ગામ: જોળવા, તા: પલસાણા, જી: સુરતના..

**તેના વતી અને તરફે અધિકૃત વહિવટ કર્તા ભાગીદાર,**

**શ્રી રવિભાઇ વિનુભાઇ નસીત,**

ઉ.આ.વ:- ૨૪, ધંધો:- વેપાર,

રહે:- ૨,પરિશ્રમ એપાર્ટમેન્ટ,ક્ષમા સોસાયટી,એ.કે.રોડ,વરાછા,સુરતના..

(તમો પ્રથમ પક્ષનાં તથા હમો બીજા પક્ષનાં એ સંજ્ઞાઓના સંપુર્ણ અર્થમા અન્યથા વિરોધાભાસ ન હોય ત્યા આ વેચાણ દસ્તાવેજમાં પક્ષકારો જાતે પોતે તથા પોતાના વંશ, વાલી, વારસો, સકસેસરો, સરવાઇવરો, અધિકૃત પ્રતિનિધિ, ટ્રાન્સફરી, એસાઇની, એકઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, ઉત્તરા-ધિકારી, ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે)

દ.પ્રકાર :- વેચાણ
ગામ :- જોળવા
બ્લોક નં :- ૧૧૧/બ
પ્લોટ નં :- ૦૦
ક્ષેત્રફળ :- ૦૦ ચો.મીટર

જત આજરોજ આ વેચાણ દસ્તાવેજ થી હમો બીજા પક્ષના તમો પ્રથમ પક્ષનાને લખી આપીએ છીએ કે,

મજકુર બાંધકામ યોજનાની, રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી,ગુજરાત સમક્ષ નોંધણી કરવામાં આવેલ છે. જેની નોંધણી નં: ..........., તા: ................ છે. જેની નોંધણી પ્રમાણપત્રની નકલ આ સાથે જોડેલ છે.

સુરત ડિસ્ટ્રીકટ સબ-ડિસ્ટ્રીકટ પલસાણાનાં મોજે ગામ જોળવાનાં **બ્લોક નં: ૧૧૧/બ** વાળી રહેણાંકના હેતુ માટે બીનખેતી થયેલ જમીન જેનું ક્ષેત્રફળ **હે: ૨-૫૨-૯૦ ચો.મીટર** જમીન માં આયોજીત ॥ **સિલિકોન રેસીડેન્સી** ॥ નાં નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર: ૦૦** થી ઓળખાતી ખુલ્લા પ્લોટ વાળી જમીન જે ખુલ્લા પ્લોટને હવે પછી આ વેચાણ દસ્તાવેજ માં સરળતા ખાતર **"સદરહું પ્લોટ"** થી ઓળખવામાં, વર્ણવવામાં આવેલ છે.

સદરહું જમીનના ટાઇટ્લ ની હકીકત એવી છે કે, સુરત જીલ્લાના, પલસાણા તાલુકાના, મોજે જોળવા ના રે.સર્વે નં: ૭૭/૨ થી નોંધાયેલ જમીન શ્રી મોહનસિંહ લાલસિંહ ના નામે ચાલી આવેલ. તેઓએ અંગત કારણોસર તેમના સીધીલીટીના વારસ પુત્રો (૧) શ્રી દિનેશસિંહ મોહનસિંહ (૨) શ્રી રણજીતસિંહ મોહનસિંહ ના નામે તા: ૨૧/૦૬/૧૯૭૩ ના રોજ કરેલ વહેંચણ કરાર તથા પંચો અને પક્ષકારોના જવાબ આધારે નામો દાખલ કરવા નોંધ કરેલ. જે અંગેની નોંધ ગ્રામ પંચાયત દફતરે એન્ટ્રી નં: ૧૨૮૫ થી તા: ૦૪/૦૧/૧૯૭૬ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ. ત્યારબાદ સસદરહું જમીન (૧) શ્રી દિનેશસિંહ મોહનસિંહ (૨) શ્રી રણજીતસિંહ મોહનસિંહ ના નામે ચાલી આવેલ. જેઓએ મે.આસી.કલે.અ.બ.સા.સુરતના હુકમ નં: આર.ડી.એસ.વશી-૨૪૪૫ સુરત, તા: ૨૯/૧૧/૧૯૭૭ આધારે રજી.વેચાણ દસ્તાવેજ તા: ૨૨/૧૨/૧૯૭૭ ના રોજ કરેલ. સદરહું જમીનનો પુર્વ દિશા તરફ નો ભાગ સીતારામ રણછોડદાસને એ-૬.૧૬ ગુંઠા તથા પશ્ચિમ દિશા તરફ થી રણછોડદાસ લક્ષ્મીદાસને એ-૩.૦૦ ગુંઠા જમીન મળી કુલ એ-૯.૧૬ ગુંઠા જમીન વેચાણ થી આપેલ. જે સબ-રજીસ્ટ્રાર કામરેજ ના ઉતારા મુજબ નોંધ કરેલ. જે અંગેની નોંધ ગ્રામ પંચાયત દફતરે એન્ટ્રી નં: ૧૪૬૨ થી તા: ૦૧/૦૪/૧૯૭૮ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ. ત્યારબાદ સસદરહું જમીન (૧) શ્રી સીતારામ રણછોડદાસ (૨) શ્રી રણછોડદાસ લક્ષ્મીદાસ ના નામે ચાલી આવેલ. જેઓ પૈકી

દ.પ્રકાર :- વેચાણ
ગામ :- જોળવા
બ્લોક નં :- ૧૧૧/બ
પ્લોટ નં :- ૦૦
ક્ષેત્રફળ :- ૦૦ ચો.મીટર

શ્રી રણછોડદાસ લક્ષ્મીદાસ તાઃ ૨૦/૦૪/ ૧૯૭૮ ના રોજ ગુજરી જવાથી તેઓનું નામ કમી કરી તેઓના સીધીલીટીના વારસદાર તરીકે શ્રી હિરાભાઇ રણછોડદાસ નામે સદરહું જમીનમાં વારસાઇ હકકે દાખલ કરવા નોંધ કરેલ. જે અંગેની નોંધ ગ્રામ પંચાયત દફતરે એન્ટ્રી નંઃ ૧૪૯૫ થી તાઃ ૨૨/૧૦/૧૯૭૮ રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ. ત્યારબાદ સસદરહું જમીન (૧) શ્રી સીતારામ રણછોડદાસ (૨) શ્રી હીરાભાઇ રણછોડદાસ ના નામે ચાલી આવેલ. તેઓએ પોત પોતા ના હિસ્સા માં સામાચીકપણામાં નામો દાખલ કરવા તાઃ ૨૦/૦૮/૧૯૮૨ ના રોજ કરેલ કરાર આધારે (૧) ગીતાબેન સીતારામભાઇ (૨) સગીર મનોજકુમાર સીતારામભાઇ તે સગીર ના વાલી તરીકે ગીતાબેન સીતારામભાઇ (૩) ગંગાબેન હિરાભાઇ (૪) સગીર ઉમેશભાઇ હિરાભાઇ તથા (૫) દર્શનભાઇ હીરાભાઇ તે સગીર ના વાલી તરીકે ગંગાબેન હીરાભાઇ ના નામો સામાચીક પણામાં દાખલ કરવા નોંધ કરેલ. જે અંગેની નોંધ ગ્રામ પંચાયત દફતરે એન્ટ્રી નંઃ ૧૭૩૯ થી તાઃ ૨૦/૦૯/૧૯૮૨ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ રદ કરવામાં આવેલ. ત્યારબાદ સદરહું જમીન શ્રી સીતારામભાઇ રણછોડભાઇ તથા હીરાભાઇ રણછોડભાઇના સંયુકત નામે ચાલી આવેલ. જેઓ પૈકી સીતારામભાઇ રણછોડભાઇ બગુમરા ગામે તાઃ ૧૧/૦૨/૨૦૦૫ ના રોજ ગુજરી જતા જેઓનું નામ કમી કરી તેમના સીધી લીટીના વારસદારો તરીકે (૧) ગીતાબેન સીતારામભાઇ (૨) સાધનાબેન સીતારામ (૩) મનોજકુમાર સીતારામ ના નામો સદર જમીન નાં રેવન્યુ દફતરે દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોધ મામલતદાર દફતરે એન્ટ્રી નંઃ ૬૪૭૬ થી તાઃ ૧૭/૦૪/૨૦૦૬ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામા આવેલ. ત્યારબાદ મામલતદારશ્રી, પલસાણા નાં હુકમ નંબર હકપ/ જદક/રેકર્ડ પ્રમો./૨૦૦૮ મુજબ પ્રમોલગેશન હુકમ ની નોંધ કરેલ. જે અંગેની નોંધ મામલતદાર દફતરે એન્ટ્રી નંઃ ૭૦૧૦ થી તાઃ ૦૧/૦૧/૨૦૦૯ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ. ત્યારબાદ સદરહું જમીનમાં (૧) હીરાભાઇ રણછોડભાઇ (૨) ગીતાબેન સીતારામભાઇ (૩) સાધનાબેન સીતારામભાઇ (૪) મનોજકુમાર સીતારામભાઇ નાં સંયુકત નામે ચાલી આવેલ. જેઓએ તાઃ ૧૮/૦૭/૨૦૦૮ ના રોજ કરેલી ફેમીલી એરેન્જમેન્ટ યાને કૌટુંબિક વ્યવસ્થા ના કરાર નાં આધારે સદર સદરહું જમીન મર્હુમ સીતારામભાઇ રણછોડભાઇ ના વારસો (૧) ગીતાબેન તે સીતારામભાઇ રણછોડભાઇ ની વિધવા (૨) પંકજભાઇ સીતારામભાઇ પટેલ (૩) સાધનાબેન જયંતિભાઇ તે સીતારામભાઇ રણછોડભાઇ ની પુત્રી (૪) હેમલતાબેન અમૃતલાલ પટેલ તે સીતારામભાઇ

દ.પ્રકાર :- વેચાણ
ગામ :- જોળવા
બ્લોક નં :- ૧૧૧/બ
પ્લોટ નં :- ૦૦
ક્ષેત્રફળ :- ૦૦ ચો.મીટર

રણછોડભાઇ ની પુત્રી (૫) મનોજકુમાર સીતારામભાઇ પટેલ નાં નામે દાખલ કરેલ. જે અંગેની નોધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૭૦૪૧ થી તા: ૦૨/૦૩/૨૦૦૯ ના રોજ પાડવામાં આવેલ. જે એન્ટ્રી સર્કલ ઓફિસર, પલસાણા દ્વારા તા: ૧૪/૦૯/૨૦૦૯ નાં રોજ રદ કરવામા આવેલ. જે અંગે નાયબ કલેકટર, બારડોલી પ્રાંત, બારડોલીની કોર્ટ માં ચાલેલ કેસ નં: આરટીએસ. અપીલ નં:૧૦૬/૦૯ અન્વયે સદર પડેલ ફેરફાર એન્ટ્રી નં: ૭૦૪૧ પ્રમાણીત કરવા મે.નાયબ કલેકટર સાહેબશ્રી, બારડોલી પ્રાંત નાંએ હુકમ કરતાં પ્રમાણીત કરવામાં આવેલ. જે અંગેની નોધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૭૫૨૯ થી તા: ૧૨/૦૪/૨૦૧૦ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ. ત્યારબાદ સદરહું જમીન માં (૧) ગીતાબેન તે સીતારામભાઇ રણછોડભાઇ ની વિધવા (૨) પંકજભાઇ સીતારામભાઇ પટેલ (૩) સાધનાબેન જયંતિભાઇ તે સીતારામભાઇ રણછોડભાઇ ની પુત્રી (૪) હેમલતાબેન અમૃતલાલ પટેલ તે સીતારામભાઇ ની પુત્રી (૫) મનોજકુમાર સીતારામભાઇ પટેલ ચાલી આવેલા. જેઓ પૈકી ગીતાબેન તે સીતારામભાઇ રણછોડભાઇ ની વિધવા નું તા: ૨૨/૦૩/૨૦૧૦ નાં સુરત મુકામે ગુજરી જતા જેઓનું નામ કમી કરેલ. જેઓનાં સીધીલીટીના વારસદારો ના નામો સદર જમીન માં પહેલા થી ચાલી આવેલ હોય. જે અંગેની નોધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૭૮૯૧ થી તા: ૧૪/૦૨/૨૦૧૧ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામા આવેલ.

ત્યારબાદ સદર જમીન માં (૧) પંકજભાઇ સીતારામભાઇ પટેલ (૨) સાધનાબેન જયંતિભાઇ તે સીતારામભાઇ રણછોડભાઇ ની પુત્રી (૩) હેમલતાબેન અમૃતલાલ પટેલ તે સીતારામભાઇ ની પુત્રી (૪) મનોજકુમાર સીતારામભાઇ પટેલ નાએ તા: ૦૩/૦૮/૨૦૧૩ નાં રોજ નોટરી રૂબરૂ કરેલ વહેંચણી કરારના આધારે (૧) બ્લોક નં: ૧૧૧ પૈકી ઉત્તર દિશા તરફ ની હે: ૧-૨૬-૪૫ ચો.મીટર જમીન પંકજભાઇ સીતારામભાઇ ના હિસ્સે આવેલ. (૨) બ્લોક નં: ૧૧૧ પૈકી મધ્યભાગ ની હે: ૧-૨૬-૪૫ ચો.મીટર જમીન મનોજકુમાર સીતારામભાઇ ના હિસ્સે આવેલ. (૩) બ્લોક નં: ૧૧૧ પૈકી દક્ષિણ દિશા તરફ ની હે: ૧-૨૬-૪૫ ચો.મીટર જમીન સાધનાબેન જયંતિભાઇ તે સીતારામભાઇ રણછોડભાઇ ની પુત્રી તથા હેમલતાબેન અમૃતલાલ તે સીતારામભાઇ રણછોડભાઇ ની પુત્રી નાં સંયુકત હિસ્સે આવેલ. જે અંગેની નોધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૮૫૯૧ થી તા: ૦૭/૦૮/૨૦૧૩ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ. ત્યારબાદ જીલ્લા ઈન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડઝ, સુરતનાં તા: ૦૩/૧૦/૨૦૧૩ ના પત્ર ક્રમાંક: કે.જ.પી.એસ.આર./૮૬/૧૩-

| |
|---|
| દ.પ્રકાર :- વેચાણ<br>ગામ :- જોળવા<br>બ્લોક નં :- ૧૧૧/બ<br>પ્લોટ નં :- ૦૦<br>ક્ષેત્રફળ :- ૦૦ ચો.મીટર |

૧૪ ના આધારે સદર જમીન ની દુરસ્તી કરવામાં આવેલ. જે અંગે માકલવામાં આવેલ. પુરવણી પત્રક નંબરઃ ૬ ના આધારે ૭/૧૨ નાં પાનીયા અલગ કરવામાં આવેલ. (૧) બ્લોક નં: ૧૧૧/અ સવા જરા.હે: ૧-૨૬-૪૫ ચો.મીટર આકાર રૂા.૧૫-૮૧ પૈસા વાળી જમીન પંકજભાઇ સીતારામ ભાઇ નાં નામે (૨) બ્લોક નં: ૧૧૧/બ સવા જરા.હે: ૧-૨૬-૪૫ ચો.મીટર આકાર રૂા.૧૫-૮૧ પૈસા વાળી જમીન મનોજકુમાર સીતારામ ભાઇ નાં નામે (૩) બ્લોક નં: ૧૧૧/ક સવા જરા.હે: ૧-૨૬-૪૫ ચો.મીટર આકાર રૂા.૧૫-૮૨ પૈસા વાળી જમીન સાધનાબેન જયંતિભાઇ તે સીતારામભાઇ રણછોડભાઇ ની પુત્રી તથા હેમલતાબેન અમૃતલાલ તે સીતારામભાઇ રણછોડભાઇ ની પુત્રી નાં નામે ૭/૧૨ ના પાનીયા અલગ કરવા નોધ કરેલ. જે અંગેની નોધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૮૭૧૨ થી તા: ૧૦/૧૦/૨૦૧૩ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ બ્લોક નં: ૧૧૧/ક થી નોંધાયેલ જમીન સાધનાબેન જયંતિભાઇ તે સીતારામભાઇ રણછોડભાઇ ની પુત્રી તથા હેમલતાબેન અમૃતલાલ તે સીતારામભાઇ રણછોડભાઇ ની પુત્રી ના નામે ચાલી આવેલ. જેઓ પૈકી હેમલતાબેન અમૃતલાલ તે સીતારામભાઇ રણછોડભાઇ ની પુત્રીએ સદરહું જમીન માંથી પોતાનો હકક હિસ્સો બિન અવેજી ઉઠાવી લીધેલ. જે અંગેનો રીલીઝનો દસ્તાવેજ મે.સબ-રજીસ્ટ્રારશ્રી, પલસાણા ની કચેરીમાં અનુક્રમ નં: ૭૦૯૩ થી તા: ૧૭/૧૧/૨૦૧૪ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૯૦૦૬ થી તા: ૦૧/૧૨/૨૦૧૪ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામા આવેલ.

ત્યારબાદ બ્લોક નં: ૧૧૧/બ થી નોંધાયેલ જમીન મનોજકુમાર સીતારામભાઇ નાં નામે ચાલી આવેલ. તેઓ પાસેથી રજી.વેચાણ દસ્તાવેજ થી સાધનાબેન જયંતિભાઇ તે સીતારામભાઇ રણછોડભાઇ ની પુત્રીએ વેચાણ થી રાખેલ. જે અંગેનો રજી.વેચાણ દસ્તાવેજ મે.પલસાણાના સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રી ની કચેરીમાં અનુક્રમ નં: ૭૦૯૬ થી તા: ૨૫/૧૧/૨૦૧૪ નાં રોજ નોંધાયેલ છે. જે અંગેની નોધ ગ્રામ પંચાયત દફતરે એન્ટ્રી નં: ૯૦૦૮ થી તા: ૦૧/૧૨/૨૦૧૪ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ બ્લોક નં: ૧૧૧/બ તથા ૧૧૧/ક સાધનાબેન જયંતિભાઇ તે સીતારામભાઇ રણછોડભાઇ ની પુત્રી ના નામે ચાલી આવેલ. સદર જમીનને એકત્ર કરવા અંગે મે.

દ.પ્રકાર :- વેચાણ
ગામ :- જોળવા
બ્લોક નં :- ૧૧૧/બ
પ્લોટ નં :- ૦૦
ક્ષેત્રફળ :- ૦૦ ચો.મીટર

મામલતદાર સાહેબશ્રી, પલસાણાને અરજી કરતા તેઓશ્રીએ તેમના હુકમ નં: જમન/અકત/રજી નં: ૩૫/૧૪/વશી ૩૦૫૩/૨૦૧૪, સે.તુ.રજી.૪૩/૨૦૧૫, તા: ૦૯/૦૧/ ૨૦૧૫ નાં રોજ એકત્ર કરીને નવો બ્લોક નં: ૧૧૧/બ બનાવવા માં આવેલ છે. જે અંગેની નોંધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૯૦૨૯ થી તા: ૧૩/૦૧/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ. જે પ્રમાણીત કરવામાં આવેલ.

સદરહું જમીન અંગે મે.મામલતદાર સાહેબ, પલસાણા તરફથી આવેલ હુકમ નં: મામ.કોર્ટ એક્ટ/દાવા નં: ૯/૨૦૧૪ તા: ૦૪/૦૨/૨૦૧૫ અન્વયે હુકમ કરેલ, હુકમ નં: મોજે જોળવા, તા: પલસાણા, જી: સુરતના બ્લોક નં: ૧૧૧ ના પશ્ચિમ તરફ થી બ્લોક નં: ૧૦૦ વાળી જમીનમાં જવા-આવવાનો કાયદેસરનો રસ્તો હોવાનું પ્રસ્થાપિત થાય છે. તથા સદરહું રસ્તો આ કામના સામાવાળાઓએ અડચણ, અટકાયત કરેલાનું પ્રસ્થાપિત થતું નથી. જેથી આ કામના અરજદારશ્રીની મોજે ગામ જોળવા, તા: પલસાણા, ખાતેના બ્લોક નં: ૧૦૦ વાળી જમીનમાં જવા-આવવાના રસ્તાની અટકાયત બ્લોક નં: ૧૧૧ ના માલીક દ્વારા કરવા અંગેની મામલતદાર કોર્ટ એક્ટ હેઠળની દાવા અરજી દફતરે કરવા હુકમ કરવામાં આવે છે. જે અંગેની નોંધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૯૦૫૬ થી તા: ૦૭/૦૨/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ. જે પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ બ્લોક નં: ૧૧૧/ક થી નોંધાયેલ જમીન સાધનાબેન જયંતિભાઇ તે સીતારામભાઇ રણછોડભાઇ ની પુત્રી ના નામે ચાલી આવેલ. તેઓ પાસેથી રજી.વેચાણ દસ્તાવેજ થી શ્રી જેઠાભાઇ દાનાભાઇ વાઢેર નાએ વેચાણ થી રાખેલ. જે અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ મે.પલસાણાના સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રી ની કચેરીમાં અનુક્રમ નં: ૪૯૨૩ થી તા: ૨૭/૦૪/૨૦૧૫ નાં રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૯૩૬૩ થી તા: ૨૭/૦૪/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ બ્લોક નં: ૧૧૧/બ થી નોંધાયેલ જમીન સાધનાબેન જયંતિભાઇ તે સીતારામભાઇ રણછોડભાઇ ની પુત્રી ના નામે ચાલી આવેલ. તેઓ પાસેથી રજી.વેચાણ દસ્તાવેજ થી શ્રી જેઠાભાઇ દાનાભાઇ વાઢેર નાએ વેચાણ થી રાખેલ. જે અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ મે.પલસાણાના સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રી ની કચેરીમાં અનુક્રમ નં: ૪૯૨૪ થી તા: ૨૭/૦૪/૨૦૧૫ નાં રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ મામલતદાર દફતરે એન્ટ્રી

દ.પ્રકાર :- વેચાણ
ગામ :- જોળવા
બ્લોક નં :- ૧૧૧/બ
પ્લોટ નં :- ૦૦
ક્ષેત્રફળ :- ૦૦ ચો.મીટર

નં: ૯૩૬૪ થી તા: ૨૭/૦૪/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ નગર નિયોજન સુરત સમક્ષ અરજી કરતા તેઓ તરફથી હુકમ નં: બીપી/જોળવા/પલસાણા/સુરત/૪૧૯ તા: ૨૭/૦૧/૨૦૧૫ ના રોજ બાંધકામ અંગેની પરવાનગી આપવા જીલ્લા પંચાયતને અભિપ્રાય કરેલ અને તે મુજબ સદરહું જમીન અંગે ખેતીમાંથી રહેણાંક ના હેતુ માટે બિનખેતીમાં ફેરવવા મે.જીલ્લા વિકાસ અધીકારી સુરતનાં સમક્ષ બિનખેતીની અરજી કરતા તેઓશ્રીએ તેમના હુકમ નં: ૪/ડી.પી./એન.એ./રજી.નં: ૧૧૫૩/૨૦૧૫, તા: ૧૦/૦૪/૨૦૧૫ ના રોજ બિનખેતીની પરવાનગી આપેલ. જે અંગેની નોંધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૯૪૪૩ થી તા: ૦૮/૦૬/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામા આવેલ.

ત્યારબાદ જિલ્લા નિરીક્ષક જમીન દફતર, સુરતના તા: ૦૧/૦૮/૨૦૧૫ ના પત્ર ક્રમાક: કે.જે.પી.એસ.આર. ૭૦/૨૦૧૫-૧૬ આધારે બ્લોક નંબર: ૧૧૧/બ તથા ૧૧૧/ક ની એકત્ર દુરસ્તી કરવામાં આવેલ. જે અંગે મોકલવામાં આવેલ દુરસ્તી પત્ર નં: ૪૯ આધારે પાનીયા એકત્ર કરી નવો બ્લોક નં: ૧૧૧/બ આપવામાં આવેલ છે. જે અંગેની નોંધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૯૭૭૦ થી તા: ૧૬/૦૯/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

આમ સદરહું બિનખેતીની જમીન શ્રી જેઠાભાઇ દાનાભાઇ વાઢેર ના નામે ચાલી આવેલ તેઓ પાસેથી સદરહું જમીન હમો બીજા પક્ષનાએ યાને સિલિકોન એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીએ રજી.વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ. જે અંગેનો રજી.વેચાણ દસ્તાવેજ મે.પલસાણા સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રી ની કચેરીમાં અનુક્રમ નં: ૧૧૮૭૬ થી તા: ૦૫/૧૧/૨૦૧૫ નાં રોજથી નોંધાયેલ છે. જે અંગેની નોંધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૯૯૯૫ થી તા: ૦૩/૧૨/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

આમ, ત્યારથી સિલિકોન એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢી સદરહું જમીનનાં માલીક,મુખત્યાર,કબજેદાર ભોગવટેદાર તરીકે ચાલી આવેલ. ત્યારબાદ મજકુર જમીનમાં રહેણાંકના હેતુ માટે ॥ **સિલિકોન રેસીડેન્સી** ॥ ના નામથી ઓળખાતી સોસાયટીનું આયોજન કરેલ જેમાં વિવિધ સાઇઝના પ્લોટો પાડવામાં આવેલા અને તે પ્લોટો પૈકી **પ્લોટ નંબર: ૦૦** થી નોંધાયેલ પ્લોટ વાળી ખુલ્લી જમીન મિલકત તમો પ્રથમ પક્ષનાએ હમો બીજા

| |
|---|
| દ.પ્રકાર :- વેચાણ<br>ગામ :- જોળવા<br>બ્લોક નં :- ૧૧૧/બ<br>પ્લોટ નં :- ૦૦<br>ક્ષેત્રફળ :- ૦૦ ચો.મીટર |

પક્ષના પાસેથી વેચાણથી રાખવા માંગતા હોય, હમો બીજા પક્ષનાએ તમો પ્રથમ પક્ષનાને સદરહું પ્લોટ વેચાણથી આપીએ છીએ.

સદરહું તમો પ્રથમ પક્ષનાને વેચાણ આપેલ પ્લોટના વેચાણ અવેજના નાણાં, તમો પ્રથમ પક્ષના તરફથી, હમો બીજા પક્ષનાને નીચેની વિગતે ચુકતે મળેલ છે.

<u>અવેજનાં નાણાં ચુકવ્યાની વિગત.</u>

| તારીખ: | રોકડા/ચેક નં: | રકમ રૂા. | વિગત |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | કુલ | ૦,૦૦,૦૦૦/- | |

ઉપરની વિગતે વેચાણ અવેજના ચુકતે નાણાં **રૂા.૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ પુરા**, તમો પ્રથમ પક્ષના પાસેથી પુરેપુરા હમો બીજા પક્ષનાને મળી ગયેલ છે, તેની હમો બીજા પક્ષના આ વેચાણ દસ્તાવેજ થકી પહોંચ સ્વીકારીએ છીએ તથા રસીદ આપીએ છીએ. ભવિષ્યમાં નાણાં નહી મળ્યાની કે ઓછા મળ્યાની કે અવેજ ઓછો મળ્યા બદલની હમો બીજા પક્ષનાએ કોઇ તર-તકરાર કરવા/કરાવવાની નથી તેમ છતાં કરીએ/કરાવીએ તો એ ચાલે નહી અને આથી રદબાતલ થાય સહી ગણાય સહી.

સદરહું તમો પ્રથમ પક્ષના ના કિંમતી વેચાણ અવેજના બદલામાં સદરહું મિલકતનો કુલ, સંપુર્ણ, ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો હમો બીજા પક્ષનાએ તમો પ્રથમ પક્ષનાને સ્થળ ઉપર સુપ્રત કરેલ છે. અને જે તમો પ્રથમ પક્ષનાએ જોઇ, તપાસી, માપી માલીકી હકકે હમો બીજા પક્ષના પાસેથી, સ્થળ ઉપર હાજર રહી, ખુંટ નિશાન લગાડી સ્વીકારેલ છે અને એ રીતે સદરહું પ્લોટના કબજા અંગે તમો પ્રથમ પક્ષનાએ કે તમારા વંશ, વાલી, વારસોએ કોઇપણ જાતની તર-તકરાર કરવા-કરાવવાની રહેશે નહી અને જો કરવા-કરાવવામાં આવે તો તે આથી રદબાતલ થાય સહી.

સદરહું પ્લોટના રેવન્યુ રેકર્ડ ઉપર તથા સ્થળ ઉપરના ક્ષેત્રફળ માં આંશિક તફાવત ના કારણોસર વેચાણ દસ્તાવેજના આધારે રેવન્યુ રેકર્ડ ઉપર ખરીદનારના નામ દાખલ કરાવવામાં કોઇ કાયદાકીય બાધ ન આવે તે કારણોસર સ્થળ ઉપરનુ તથા કે.જે.પી. મુજબના ક્ષેત્રફળનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને જેથી વધુ ક્ષેત્રફળ કે ઓછુ ક્ષેત્રફળ અગર તો વેચાણ અવેજ બાબત તમો પ્રથમ પક્ષનાએ હમો બીજા પક્ષના સાથે કોઇપણ

જાતની તર તકરાર કરવા કરાવવાની નથી અને આમ છતા કરવા કરાવવામાં આવે તો તે આ લેખ થકી રદબાતલ થાય સહી.

સદરહું વેચાણ આપેલ પ્લોટ હમો બીજા પક્ષનાએ તમો વેચાણ રાખનાર યાને પ્રથમ પક્ષના સિવાય અન્ય કોઇને ચાર્જ, ગીરો, વેચાણથી, બક્ષિસથી કે અન્ય કોઇ રીતે લખી આપેલ નથી તેમજ તેના વેચાણ અંગેના અન્ય કોઇને લખાણ, સાટાખત કે કરાર લખી આપેલ નથી. તેમજ તે કોઇને અવલજપ્તી માં કે જામીનગીરીમાં લખી આપેલ નથી કે તેના ઉપર કોઇનો ખોરાકી, પોષાકી કે અન્ય કોઇપણ પ્રકારના ઇઝમેન્ટના હકકો નથી. તેમજ તેની ઉપર કોઇ સરકારી, અર્ધ-સરકારી, બેન્ક અગર બેન્કીગ જેવી નાણાંકીય સંસ્થાઓ પાસેથી કે ખાનગી વ્યકિત પાસેથી નાણાં કે લોન ઉપાડેલ નથી. તેમજ તે કોઇને ઇકવીટેબલ મોર્ટગેજમાં, એડીશનલ સીકયુરીટીમાં લખી આપેલ નથી. તેમજ તે કોઇ કોર્ટના કે અન્ય કોઇપણ પ્રકારના તકરારી યા કાનુની પ્રકરણમાં સંડોવાયેલી નથી. તેમજ તેના ઉપર ઇન્કમટેક્ષ, સેલ્સટેક્ષ યા અન્ય કાયદા અન્વયે કોઇ ચાર્જ કે બોજો નથી. તેમજ તેમા કોઇનો કોઇપણ પ્રકારનો માલીકી હકક, હિત, હિસ્સો કે લાગ-ભાગ કે દર-દાવો નથી યાને કે સદરહું જમીન મિલકત તદ્દન નબોજી, નકરજી, નજોખમી અને ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ વાળી છે. અને જે તમો પ્રથમ પક્ષનાએ જાતે જોઇ, તપાસી, ખાતરી કરી-કરાવડાવી લીધા બાદ જ સદરહું પ્લોટ સ્થળ ઉપરના તથા મંજુર થયેલા પ્લાન મુજબના પ્લોટ નંબર ની તથા તેના ક્ષેત્રફળ અંગેની ખાતરી કરી, સદરહું પ્લોટ તમો પ્રથમ પક્ષનાએ હમો બીજા પક્ષના પાસેથી વેચાણથી રાખવા માંગણી કરતા, હમો બીજા પક્ષનાએ તમો પ્રથમ પક્ષનાને સદરહું પ્લોટ વેચાણથી આપેલ છે સહી.

સદરહું પ્લોટ હમો બીજા પક્ષનાએ, તમો પ્રથમ પક્ષનાને હરહંમેશ યાને યાવતચંદ્ર દિવાકરો કાળને માટે આ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણથી આપેલ છે અને તમો પ્રથમ પક્ષનાના માલીકીપણામાં તથા વહીવટ, ભોગવટામાં સુપ્રત કરી દીધેલ છે. અને સદરહું પ્લોટના હમો બીજા પક્ષના જેવા માલીક, મુખત્યાર હતા તેવા જ તમો પ્રથમ પક્ષનાને સંપુર્ણ અને સ્વતંત્ર, માલીક, મુખત્યાર અને કબજેદાર બનાવ્યા હોવાથી માલીક તરીકે સદરહું પ્લોટ તમો પ્રથમ પક્ષના હરકોઇને પણ વેચાણથી યા હરકોઇ રીતે લખી આપો, તેની ઉપર નાણાંકીય લોન ઉપાડો, તેમજ તે હરકોઇને ઇકવીટેબલ મોર્ટગેજમાં લખી આપો તથા હરકોઇ પ્રકારે ઉપયોગ, ઉપભોગ, વપરાશ કરો-કરાવો કે તેના ઉપર જરૂરી પરવાનગી

દ.પ્રકાર :- વેચાણ
ગામ :- જોળવા
બ્લોક નં :- ૧૧૧/બ
પ્લોટ નં :- ૦૦
ક્ષેત્રફળ :- ૦૦ ચો.મીટર

મેળવી બાંધકામ કરો-કરાવો, જાતે વસો-વસાવો ટુંકમાં, તમો તમારી ઇચ્છા મુજબ સદરહું પ્લોટનો હરકોઇ પ્રકારના વહીવટ, વ્યવસ્થા કરી-કરાવી શકો સહી. જેમાં હમો બીજા પક્ષનાએ કે હમારા વંશ વાલી વારસોએ કોઇએ કોઇપણ જાતની તર-તકરાર કરવા-કરાવવાની નથી અને તેમ કરવા-કરાવવામાં આવે તો તે આ વેચાણ દસ્તાવેજ થકી રદબાતલ ગણાય સહી.

સદરહું સોસાયટીના જે આંતરિક રોડ-રસ્તા, કોમન પ્લોટ વાળી ખુલ્લી જગ્યા છોડવામાં આવી છે. તે આંતરિક રોડ-રસ્તા તથા કોમન પ્લોટ ની ખુલ્લી જગ્યા વિગેરેમાં તમો પ્રથમ પક્ષનાને ॥ **સિલિકોન રેસીડેન્સી** ॥ નાં અન્ય પ્લોટ હોલ્ડરોની સાથે સહિયારા ઇઝમેન્ટ વિગેરેના હકક, અધિકારો રહેશે. તમો પ્રથમ પક્ષનાને વેચાણ આપેલ પ્લોટ ઉપર નિયત સમય મર્યાદામાં તમો પ્રથમ પક્ષનાએ બાંધકામ કરવાનું રહેશે, જો કોઇ પણ જાતનું ગેરકાયદેસર બાંધકામ યા બીજા કોઇ પણ જાતના આંતરીક ફેરફાર કરો તો તે અંગેનો ખર્ચ,દંડ,નુકશાની સહીતની તમામ જવાબદારી તમો પ્રથમ પક્ષનાની રહેશે સહી. સોસાયટી ના આંતરિક રોડ-રસ્તા તથા કોમન પ્લોટ વાળી ખુલ્લી જગ્યા સોસાયટીનાં તમામ પ્લોટ હોલ્ડરોની સાથે તમો પ્રથમ પક્ષનાની સહિયારી રાસુકી વપરાશની રહેશે અને તે જમીન ઉપર થઇને દરેક પ્લોટ હોલ્ડર ને જવા-આવવા, વાહનો લાવવા-લઇ જવા તેમજ ટેલિફોન, ડ્રેનેજ, ગેસ લાઇન, ઇલેકટ્રીક લાઇન લાવવા-લઇ જવા હકકદાર રહેશે. સોસાયટીના રોડ-રસ્તા, કોમન પ્લોટ ની ખુલ્લી જગ્યા વિગેરે અંગે આવતા વેરા, નિભાવ ખર્ચ વિગેરે તમામ ખર્ચાઓ અંગે ફાળે પડતો ખર્ચ સોસાયટીનાં તમામ પ્લોટ હોલ્ડરોએ સહીયારો નિભાવવાનો રહેશે સહી. તેમજ મજકુર સોસાયટીના તમામ પ્લોટ હોલ્ડરોએ રોડ-રસ્તા ઉપર કોઇપણ જાતનુ બાંધકામ અટકાયત અવરોધ યા રોડ બંધ કરવા કરાવવાનો રહેશે નહી. અને એ રીતેની સ્પષ્ટ શરતો સાથે જ હમો બીજા પક્ષનાએ તમો પ્રથમ પક્ષનાને સદરહું પ્લોટ વેચાણથી આપી આ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

હમો બીજા પક્ષનાએ તમો પ્રથમ પક્ષનાને સદરહું પ્લોટ વેચાણથી આપ્યા સુધીના આગળના, સદરહું પ્લોટ અંગેના ગ્રામ પંચાયત જેવી સરકારી અર્ધ-સરકારી સંસ્થાઓના તમામ ટેક્ષ, વેરાઓ હમો બીજા પક્ષનાએ ભરપાઇ કરી દીધેલ છે. તેમજ ત્યાર પછીથી સરકારી, અર્ધ-સરકારી કે લોકલ ઓથોરીટીના મજકુર પ્લોટ વાળી મીલકત અંગેના જે કાંઇ ટેક્ષ, વેરાઓ કે બેટરમેન્ટ ચાર્જ યા ભરણાની રકમ યા સરકારી સુવિધાઓ, મંજુરીઓ

| |
|---|
| દ.પ્રકાર :- વેચાણ<br>ગામ :- જોળવા<br>બ્લોક નં :- ૧૧૧/બ<br>પ્લોટ નં :- ૦૦<br>ક્ષેત્રફળ :- ૦૦ ચો.મીટર |

મેળવવા માટે જે કાંઇ ખર્ચા થાય તે સહીતની રકમ ભરવાની આવે, તે તમામ રકમ તમો પ્રથમ પક્ષનાએ ભરપાઇ કરવાની રહેશે.

હમો બીજા પક્ષનાએ વેચાણથી આપેલ સદરહું પ્લોટ સરકારી, અર્ધ-સરકારી કચેરીઓ તથા ગ્રામ પંચાયત, મામલતદાર, દક્ષિણ ગુજરાત વિજ કં્પ. વિગેરે હરકોઇ દફતરે તમો પ્રથમ પક્ષનાએ તમારા નામ ઉપર આ વેચાણ દસ્તાવેજના આધારે દાખલ કરાવી લેવાની રહેશે. અને તે અંગે હમો બીજા પક્ષનાએ સહીઓ, કબુલાતો, જવાબો વિગેરેની જરૂર પડે તો તે તમામ આ વેચાણ દસ્તાવેજ થકી ગણી લઇ તમો પ્રથમ પક્ષનાના નામે ટ્રાન્સફર કરી-કરાવી શકો સહી.

સદરહું વેચાણ આપેલ પ્લોટનાં વેચાણ દસ્તાવેજ કરવા માટે સ્ટેમ્પ ફી, ટાઇપીંગ ફી, વકીલ ફી તથા અન્ય ખર્ચા સહિત વેચાણ દસ્તાવેજને લગતા આનુષાંગિક તમામ ખર્ચાઓ તમો પ્રથમ પક્ષનાએ યાને ખરીદનારે ભોગવેલ છે. અને ભવિષ્યમાં પણ મજકુર વેચાણ દસ્તાવેજને લગતી કોઇ વધારાની સ્ટેમ્પ ડયુટી ભરવાની થાય તો તે તમો પ્રથમ પક્ષનાએ ભરપાઇ કરવાની રહેશે. જે બાબતની કોઇપણ જવાબદારી હમો બીજા પક્ષનાની રહેશે નહી.

-:<u>શિડયુલ</u>:-

-: <u>વેચાણ આપેલ પ્લોટની વિગત</u> :-

સુરત ડિસ્ટ્રીકટ સબ-ડિસ્ટ્રીકટ પલસાણાનાં મોજે ગામ જોળવાનાં **બ્લોક નં: ૧૧૧/બ** વાળી રહેણાંકના હેતુ માટે બીનખેતી થયેલ જમીન જેનું ક્ષેત્રફળ **હે: ૨-૫૨-૯૦ ચો.મીટર** જમીન માં આયોજીત ॥ **સિલિકોન રેસીડેન્સી** ॥ નાં નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર: ૦૦** થી નોંધાયેલ પ્લોટ વાળી ખુલ્લી જમીન કે જેનું ક્ષેત્રફળ **૦૦ ચો.વાર** યાને **૦૦ ચો.મીટર** છે (કે જે કે.જે.પી. બાદ બ્લોક નંબર: ૧૧૧/બ/૦૦ અને તે મુજબ ક્ષેત્રફળ ૦૦ ચો.મીટર) તે પ્લોટ વાળી ખુલ્લી જમીન મિલકત તથા સોસાયટીમાં રોડ-રસ્તા,સી.ઓ.પી. માં ભાગે આવતા વણ વહેંચાયેલ હિસ્સાનું સુમારે ક્ષેત્રફળ **૦૦ ચો.મીટર** તથા તેને લાગુ અંદરના તથા બહારના તમામ હકકો સહિત કુલ્લે દરોબસ્ત. જેની ચર્તુરદિશા નીચે મુજબની છે.

દ.પ્રકાર :- વેચાણ
ગામ :- જોળવા
બ્લોક નં :- ૧૧૧/બ
પ્લોટ નં :- ૦૦
ક્ષેત્રફળ :- ૦૦ ચો.મીટર

પુર્વે :- લાગુ

પશ્ચિમ:- લાગુ

ઉતર :- લાગુ

દક્ષિણ:- લાગુ

**મિલકતનું સરનામું:** મોજે ગામ જોળવાનાં **બ્લોક નં: ૧૧૧/બ** માં આયોજીત ।। **સિલિકોન રેસીડેન્સી** ।। માં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર: ૦૦.**

**ખરીદનાર:**

**વેચાણ આપનાર:**

| |
|---|
| દ.પ્રકાર :- વેચાણ<br>ગામ :- જોળવા<br>બ્લોક નં :- ૧૧૧/બ<br>પ્લોટ નં :- ૦૦<br>ક્ષેત્રફળ :- ૦૦ ચો.મીટર |

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને હમારી સંપુર્ણ રાજીખુશીથી તથા અકકલ, હોશિયારીથી, વાંચી, વંચાવી, સાંભળી, સમજીને, વિચારીને, કોઇના-કોઇપણ જાતના દાબ-દબાણ વગર લખી આપ્યો છે. જે હમોને તથા હમારા વંશ, વાલી, વારસો ઇત્યાદી ને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

અત્રે..........................................મતુ તત્રે..........................................શાખ

**સિલિકોન એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢી,**

તેના વતી અને તરફે અધિકૃત વહિવટ કર્તા ભાગીદાર,

શ્રી રવિભાઇ વિનુભાઇ નસીત

..................................................  ..................................................

..................................................

(સાક્ષીઓ)

દ.પ્રકાર :- વેચાણ
ગામ :- જોળવા
બ્લોક નં :- ૧૧૧/બ
પ્લોટ નં :- ૦૦
ક્ષેત્રફળ :- ૦૦ ચો.મીટર

**ખરીદનાર:**

(૧) શ્રી

સહી.............................................

(૨) શ્રી

સહી.............................................

**વેચાણ આપનાર:**

**સિલિકોન એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢી,**
તેના વતી અને તરફે અધિકૃત વહિવટ કર્તા ભાગીદાર,
શ્રી રવિભાઇ વિનુભાઇ નસીત

સહી.............................................